## ઇતેલામ (શયતાન-બાજી, ગોસલ) ની હાલતની નાનપણથીજ પરહેજવાની ટેવ ન રાખ્યાથી થતાં માઠાં પરિણામો.

આપણા પાક જરથોશ્તી ધર્મમાં ફરમાવેલી ઘણીએક ખુબીવંતી તરીક્તોમાંની એક સૌથી અગત્યની અને પાયા સમાન તરીક્ત તે ઉપર સમજાવેલી ગોસલ પરહેજવાની તરીક્ત છે. આ તરીક્ત મોટે ભાગે પાળવાની મુકી દીધાથી આપણો જવાન ઉધરતો વર્ગ પોતાની ખીલતી ચોકસ (આસરે ૧૪ થી ૧૭ વરસની) ઉમરમાં આવતાં સૌથી વધુ ચોંકાવનારી નેહેસ્ત બદી યાને કુટેવ masturbation = શોએથ્ર ગુનાહ) છે તેમાં જલદી ફસી પડે છે, યાને વધુ ખુલાસાથી જણાવતાં આ કુટેવ એટલે અજ્ઞાનતામાં પોતાના હાથે કરી પીશાબ કરવાના ભાગને ઉશ્કેરી તેમાંથી વીર્ય યાને ધાતુ (semen, vital force) કહાડી તેને નકામું બરબાદ કરે છે. ગોસલ પરહેજવાની તરીક્ત જે ઉપર જણાવી ગયા છીએ તે આ નેહસ્ત (ખરાબ) બદી યાને કુટેવ સામે બચાવ કરવામાં એક મજબુતમાં મજબુત ઢાલ સમાન છે, તે અફસોસકારક રીતે આપણી કોમ ગુમાવી બેઠી છે, જેનાં બહુ આફતકારક પરીણામો આપણી કોમને વેઠવાં પડ્યાં છે અને હાલમાં ચાલુ વેઠે છે. આ બદી યાને કુટેવ સામે તો પહેલો અટકાવ ઉપર જણાવી ગયા તે ગોસલ પરહેજવાની તરીકત છે, અને બીજો એકલો સૌથી કારગત ઉપાય જરથોસ્તી ધર્મ મુજબ કાયદાસર ઉમરે શેહાદી કરવાનો છે. હાલના હાશમી યાને મંગળના (કલજુગના) જમાનામાં છોકરાને માટે પરણવાની સૌથી લાયક ઉમર ૨૫ થી ૨૮

વરસની જણાવેલી છે, અને છોકરી માટેની સૌથી લાયક ઉમર ૧૬ થી ૧૯ વરસની જણાવેલી છે. આ ઉમરમાં અને તેમ જલદી શેહાદી કરવી આજના જમાનામાં ઘણુંજ મોટું ડહાપણ ભરેલું છે. આ બે ઉપાયો જો અમલમાં મુકવામાં આવે તો છોકરા-છોકરીઓમાં જાયજ થયલી ઉપલી નેહસ્ત બદી, કુટેવને જલદી મરણતોલ ફટકો મારી શકાશે.

એક છોકરો ચોકસ ઉમરે (આસરે ૧૪ વરસની) પુગ્યા પછી કુદરતી રીતે ઇતેલાંમ (જેને આપણે ઉંઘમાં થયલી ગોસલ યા શયતાન-બાજી* તરીકે ઓળખયે છીએ યાને ઉંઘમાં શોશર યાને મની-ધાતનું કુદરતી રીતે જવું તે) ચોકસ થોડા યા ઘણા લાંબા વખતના અંતરે દરેકના સૈયારા યાને ગૃહોની ચાલ મુજબ આવે છે. માબાપોએ પોતાના છોકરાંઓને નાનપણથીજ આ ઇતેલાંમ પરહેજવાની તરીકતની ટેવ પાડવાની ખાસ કાલજી રાખવી જોઇએ. આ ઇતેલાંમ વખતે જે દરૂજીએ-બુજીનો અણદીઠ બળવાન બદ પ્રવાહ નીકળે છે, તે મનનાં મરકજને યાને મગજ શક્તિને એટલો તો પ્રબળ અને ખેંચાણકારક છે, કે તે છોકરાઓના આચાર વીચારને તદન બગાડી નાંખે છે અને દુર-અંદેશી યાને કોઇબી બાબદમાં ભવીષનો લાંબો વીચાર કરવાની શક્તિ તથા મનોવૃત્તિ યાને મગજ શક્તિ તેમજ યાદદાસ્ત શક્તીને નબળી બનાવવા ઉપર બહુજ ખરાબ અસર કરે છે, તેમજ દરેક જાહેર ઇંદ્રીઓની શક્તિઓને યાને જોવાની, સાંભળવાની, ચાખવાની, સુંઘવાની, તથા સ્પર્શ કરવાની શક્તિને કતે યાને ઓછી કરી નાંખે છે. તેમજ કોઇબી ફળનાં બીયાં (દાખલા તરીકે ઘેરમાં ભરી મુકેલાં અનાજ-દાણા તથા ફરૂટ વગેરે) ના સમાગમમાં ઇતેલામ નહી પરહેજવાથી ઉત્તપન્ન થતી દરૂજી-એ-બુજીની હાલતનો કોઈબી મરદ આવતાં તે બીયાંના સરશોકમાં-અસરમાં ન્યુનતા કરી નાંખે છે યાને અસર વગરના કરે છે. આ કારણને લીધેજ બીયાંને દરૂજી-એ-બુજીની ઓરત યા મરદથી અલગ અને દુર રાખવામાં આવે છે, કે ખેતીના કામને નુકસાન પુગે નહી. વળી ઇતેલામની હાલત ઘણીજ નજીસ (dirty) છે એમ જો બચપણથી બચ્ચાંના મગજ ઉપર છાપ પાડવામાં આવે, તો પછી અનીતિમાં હાલમાં

---

* ગોસલ તેમજ મનીને લગતા કાયદા તેમજ દસ્તાનને લગતા પરહેજીના કાયેદા નહી પાળવાથી જે બદ હરીરી (સૂક્ષ્મ જંતુઓ) પોખાઈ (મોટી થઈ) ને દરૂજ (ખરાબ શકિત) આસપાસ પથરાય છે તેને દરૂજી-એ-બુજી કહેવામાં આવે છે આ બાબદને લગતું બ્યાન ખુલાસાવાર આગળ આપવામાં આપ્યું છે.

સ્કુલે તથા કોલેજમાં જતા ઉધરતા જવાનો ફસી પડે છે, અને ગમે તે વખતે અનીતી કરે છે તે વખતે પણ આ નજીસ (dirty) હાલતનો તેઓને વીચાર આવે, અને ગોસલની તરીકતથી નાહવાની આદતને લીધે અનીતી કરવા અગાઉ તેઓને મજબુત સુગ લાગે. આજે માસીક માંદગી તદન ચલાવી લઇને તેમા નજીસ દુરગંધનીબી સુગ મરી ગઈ છે, અને પરીણામમાં છુપી અનીતીનો દોર ઘણો વધી ગયો છે, જેથી ઔલાદ હીચકારી તથા દરેક રીતે હીણપસ્તીમાં (ખરાબીમાં) આવી પડે તેવી નબળી અને નકામી થતી જાય છે. કોમના ખેરખાહો કંઈ દુરનો ખ્યાલ કરીને સ્કુલો તથા કોલેજોમાં (sexual science) જાતીભેદને લગતી વિદ્યા શીખવવાની હજીબી કાળજી કરશે કે? જો નહીં કરસે તો જે ખાના-ખરાબી હાલમાં વધુ જોરમાં ચાલી રહી છે તે વધુ થતીજ જશે, અને પછી તેનો ગમે તેવો ઉપાય કરવા જશો તો તે કદીબી કારગત લાગસે નહી એમ નક્કી માની લેવું.

આ ઇતેલાંમ જેમ લાંબે લાંબે વખતે (at long intervals) થાય, તેમ આપણને ઉરવાનની વૃદ્ધિની બાબદમાં બહુ ફાયદો કરે છે, અને તેટલાં માટે આ ઇતેલાંમને દુર કરવાનું અને લાંબા અંતરપર લઇ જવાનું જે કાતેલ હથ્યાર આપણા પાકઝાદ પેગામ્બર સાહેબે બતાવ્યું છે, તે આજનો હીણાતો "આબેઝર" યાને "ગોમએજ" છે. આ આબેઝર સહવારના ઉઠતાંને વાર તેમજ નાહતી વખતે લેવાની તરીકતનાં અમલથી બદ-હરીરી યાને સુક્ષ્મ જંતુઓનો તેમજ ઇતેલાંમથી ઉત્પન્ન થતા બદ પ્રવાહ યાને ખરાબ અસરનો સમુળગો નાશ કરે છે, અને આ કારણને લીધેજ તેને "આબેઝર" એટલે કે સોનાને મુલનું સોનેરી પાણી આપણા ન્યાગાનો તદન વાજબી રીતે કહી ગયા છે. ત્યારે નાનપણથીજ બાલકોને તરીકતથી ગોમએજ ચાલુ વાપરવાની ટેવ પાડયાથી ઇતેલાંમને લાંબા અંતરપર લઈ જઈ આસ્તે આસ્તે તેને દુર કરવામાં અને આ રીતે શરીર મજબુત બનાવવામાં તથા ઉરવાનની વૃદ્ધિ કરવામાં સંગીન મદદ મલી શકે છે, અને આ કુટેવથી તથા જાતીભેદની અનીતીથી બચવાને જુવાન કુમલા ઉધરતા છોકરાઓને અતીશય ફાયદો કરી તેમાં ફસી પડતા અટકાવે છે. માટે મા-બાપોએ નાનપણથીજ આપણા ઉત્તમ દીની ફરમાનોને પોતાના બચ્ચાંઓને અમલમાં મુકતાં શીખવવું જોઇએ, અને આ કુટેવની બદીને લગતું સાધારણ જ્ઞાન આપવું જોઇએ અને જો તેમ નથી કરવામાં આવતું, તો આજે આશરે સેંકડે ૮૦ ટકા આ કુટેવની ઉપર જણાવેલી બદીમાં જવાન છોકરાઓ તેમજ છોકરીઓ

સપડાય છે, અને જો તેઓને પહેલેથીજ સવખતે બચાવવામાં આવતાં નથી, તો આગળ ચાલતાં પોતાનાં ખીલતાં શરીરના બાંધાનો ઘણો નાશ કરે છે. શોશર એટલે મની–ધાતુ જે શરીરનો રાજા છે તે શરીરને ટકાવીને પુર તનદરોસ્ત હાલતમાં રાખે છે, તેમજ બધી રીતે શરીરને જોરાવર બનાવી મજબુત બાંધો કરે છે, તે શોશર જો ઉપલી નેહેસ્ત બદી–કુટેવથી કરી ચાલુ નાહકની બરબાદ કરવામાં આવે, તો તનની તેમજ મનની દુરસ્તીને ઘણું નુકશાન પુગે છે, એટલે શરીરના લાયક ભાગોમાં શોશર જોઇએ તેટલી ન હોવાથી તે બધા ભાગો ઢીલાઢચ થઇ જાય છે, મોંહડાંનો રંગ પીળો ફીકકો લોહી વગરનો લેવાઇ ગએલો લાગે છે, આંખો બેસી ગએલી લાગે છે, ચાલવાની તેમજ કામ કરવાની શક્તિ બરાબર ન હોવાથી શંરીર જરા જરામાં થાકી જાય છે, નબલાઇને લીધે ખોરાક લેવાની ભુખ લાગતી નથી, તેમજ તે ખાધેલો ખોરાક બરાબર હઝમ થતો નથી. સ્વભાવ ચીરડાઉ તેમજ ઉશ્કેરાયલો રહે છે. મગજશક્તિ નબલી પડી જાય છે, શીખવામાં તેમજ કશામાં ધક ધ્યાન લાગતું નથી, હાર્ટની (હૃદયની) નબળાઇ વધી જાય છે, દીવાનાપણું લાગુ પડે છે વગેરે વગેરે, ઘણી જાતની આફતમાં આવા છોકરાઓ તથા છોકરીઓ આવી પોતાની જુવાન જીંદગીનો કચડીને નાશ કરી નાખે છે. માબાપો તેમજ વાલીઓ છોકરાંઓની બીજી બીજી બહારના દેખાવોને લગતી ચીજોપર દેખરેખ રાખે છે, જ્યારે આ સૌથી અગત્યની ધ્યાન આપવા જોગ નેહેસ્ત આપઘાતીક બદી (કુટેવ) કે જે છોકરાંઓનું નખોદ વાળે છે તે તરફ ધ્યાન આપવામાં આવતું નથી. માબાપો તથા વાલીઓની ફરજ છે કે જ્યારે પોતાનાં છોકરાંઓમાં એકાએક બધી રીતે આવો નાશકારક ફેરફાર જણાય, ત્યારે તેની તપાસ કરી જોવું કે આ પ્રમાણે થવાનું મુખ્ય કારણ ઉપલી જણાવેલી નેહેસ્ત બદી કુટેવ હોવી જોઇએ, અને આવી વખતે પોતાના છોકરાને ઠપકો ન આપતાં બહુજ કુનેહથી પટાવી સમજાવીને તેને લગતું જ્ઞાન આપવું, કે આ ખરાબ કુટેવનો અમલ કરવો નહી અને એનાથી ઘણી ખરાબી થાય છે માટે દુર રહેવું, તેમજ કોઇ ખરાબ માણસો તથા લુચ્ચા છોકરાઓની સોબતથી દુર રહે તે તપાસવાની કાળજી રાખવી, ખરાબ નાટકો તથા મર્યાદા વગરના પીકચરવાલા સીનેમાઓ જોવા દેવા નહી તેમજ હવસ ઉસ્કેરે તેવાં લખાણવાલાં વાંચવાના પુસ્તકોનો ઉપયોગ પણ કરવા દેવો નહી, તેમજ રોજ સહવારના, રાતના તેને કલાક બે કલાક અવસ્તા બંદગી કરવા જરૂર બા જરૂર ફરમાવવું, કે જેથી કરી આ

કુટેવની બદીથી દુર રહેવાનાં કામમાં ઘણીજ મદદ થશે, તેમંજ દીન ધર્મના સારાં પુસ્તકો વાંચવા આપવાં તેમજ સારા સાથીઓની સંગતમાં સોંપવાં, ધાર્મીક શિક્ષણના કલાસોમાં મોકલવા, કે જેથી કરી તેનું મન આડે માર્ગે રોકાય નહીં અને સારા વિચારોમાંજ રોકાયલું રહે.

શોશર યાને મની, ધાત શરીરમાં કામ કરતી એટલી તો ઉમદા ચીજ છે, કે તેને જો જેમ ગમે તેમ જલદી બરબાદ કરવામાં આવે, તો શરીરનો, મનનો તેમજ રવાનનો નાશ થાય છે. આ જીવલેન કુટેવની બદી સંબંધી આટલો ટુંક ખુલાસો જરૂર ધ્યાનમાં લેવો.

- Extract from the book titled: "Zoroastrian Life Procedure Code" - by B. B. Rivetna (pgs *70-74*)